|| શ્રુતગંગા હિમાચલં વંદે શ્રી જ્ઞાતનન્દનમ્ ||

|| શ્રી ગૌતમ સ્વામિને નમઃ ||

|| શ્રી શ્રુતદેવતાયૈ નમઃ ||

# શ્રુતગંગા





C/o. **શ્રી વર્ધમાન પરીવાર**
(પ્ર.છ. સરકાર ભવન)

**મુખ્ય કાર્યાલય :** ૬, ધન મેન્શન, ૧ લે માળે, અવંતિકાબાઈ ગોખલે શેરી, ઑપેરા હાઉસ, મુંબઈ- ૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૮૭૬૩૭, ટેલીફૅક્સ - ૨૩૮૯૫૮૫૭

**પત્ર વ્યવહારનું સરનામું :** બી-૪૦૩, મહાલક્ષ્મી સેન્ટર, બાલભારતી સ્કુલની સામે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. ફોન : ૦૨૨-૨૮૦૮ ૨૪૧૪ / ૨૮૦૧ ૨૪૧૪

|| નમો તિત્થસ્સ ||



# પ્રતથી બોધ અને પ્રતિમાથી બોધિ



અનંત ઉપકારી પરમ પૂજ્ય ગચ્છાધિપતિશ્રી, પરમ શાસન પ્રભાવક પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી તેમજ શ્રી જિનશાસનની ગરીમાને પ્રજ્વલિત કરનાર પૂજ્યપાદ પદસ્થોશ્રી તેમજ શ્રી જિનશાસનના નભોમંડળમાં ચમત્કૃતિ સાથે શોભાયમાન થતા પૂજ્ય સાધ્વીજી ભગવંતો,

આપના ચરણોમાં ૧૦૦૮ વંદનાવલી અવધારશોજી. આપ સર્વે સુખશાતામાં હશોજી. આપનું સ્વાસ્થ્ય સુચારું હશે. આપશ્રી દ્વારા શ્રુતનું જે સંવર્ધન અને સંરક્ષણ થઈ રહ્યું છે તેની અમો ભાવભરી અનુમોદના કરીએ છીએ.

શ્રી જિનશાસનરાગી આત્મીય મુખ્ય વહીવટદારોશ્રી, કમિટી મેમ્બરો તથા સંઘના શ્રાવક અને શ્રાવિકાઓ,

આપ સહુને પણ અમારા સાદર પ્રણામ.

ખાસ આ પત્ર લખવાનું પ્રયોજન એ છે કે શ્રુતગંગા દ્વારા ઘણા વર્ષોથી લગભગ ૮૫૦ વર્ષ સુધી ટકે તેવા સાંગાનેરી કાગળ ઉપર હાથે બનાવેલી સ્યાહીથી લહિયાઓ પાસે આપણા શાસ્ત્રો લખાવવાનું કાર્ય ચાલે છે. કાગળ તો ટકાઉ મળે પણ સ્યાહીને પણ ટકાઉ બનાવવા માટે તાંબાના પાત્ર પર તલના તેલની જ્યોતથી બનતી મેષ દ્વારા ૧૦૦ ગ્રામ મેષ ભેગી થાય તેમાં ૧૫૦ ગ્રામ હિરાબોળ અને ૨૫૦ ગ્રામ લીંબડાનો ગુંદર લગભગ ૬૪ પ્રહર સુધી એટલે કે ૧૯૨ કલાક ઘૂંટીને સ્યાહીને પણ કાગળ ટકે ત્યાં સુધી ટકાવવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા માન્ય લેબોરેટરીઝમાં આ કાગળનું આયુષ્ય સર્ટીફાઈ કરવામાં આવ્યું છે. જેમાં હવામાં રહે તો ૪૨૫ વર્ષનું આયુષ્ય તેઓએ સર્ટીફાઈ કરીને આપ્યું છે. આ જ કાગળને પ્રતાકારે પોથીમાં બાંધવામાં આવે અને લાકડાના બોક્સમાં રાખવામાં આવે તો તેનું આયુષ્ય બમણું થઈ જાય છે. ઝેરોક્સવાળા કાગળનું આયુષ્ય વરસ બે વરસનું હોય છે જ્યારે પ્રીન્ટેડ સાહિત્ય ૫૦-૧૦૦ વર્ષ ટકે છે. પરંતુ આ લખાણ ૮૫૦ વર્ષ આસપાસ ટકે છે. તેથી ભવિષ્યમાં કોઈક મહાપુરુષો પાકશે જેઓ આ વારસાને આગળ વધારશે અને ભગવાનના શાસનને બાકીના ૧૮.૫ હજાર વર્ષ સુધી સુરક્ષિત રીતે આગળ લઈ જશે. અલગ અલગ સેન્ટરોમાં લગભગ ૨૦૦ જેટલા લહિયાઓ હાલ આ અંગે કાર્ય કરી રહ્યા છે અને લગભગ ૧૦,૦૦૦ (દસ હજાર) જેટલા ગ્રંથો લખાઈ ચુક્યા છે. અને હજુ કાર્ય ચાલી રહ્યું છે. કાગળમાં હાંસીયા પાડવા માટે લાલ સ્યાહી અને પ્રુફ સુધારણા માટે પીળી સ્યાહી પણ બનાવવામાં આવે છે. જેમાં અનુક્રમે હિંગળોક અને હરતાલ નામના ગંધીયાણાને વાપરવામાં આવે છે. અમારી ભાવના છે કે જૈન સંઘમાં જેટલું પણ પ્રીન્ટેડ અને જર્જરીત હસ્તલિખિત સાહિત્ય હોય તે બધાની ૪-૪ નકલો હસ્તલિખિત કરી દેવી અને પાલીતાણા તેમજ અન્ય ત્રણ મહાનગરોમાં તેને સાચવવાની વ્યવસ્થા કરવી. જેથી કરીને ભવિષ્યમાં કોઈપણ ગ્રંથ જોઈતો હોય તો તે ઉપલબ્ધ થઈ શકે.

શ્રી જિનશાસનની સ્થાપના શ્રુતથી થાય છે અને એની ચાલના અને ટકવાનું પણ શ્રુતના આધારે જ હોય છે. શ્રુતના એક અક્ષરનું ફિઝિકલ એક્ઝીસ્ટન્સ એટલે અસ્તિત્વ માત્ર છઠ્ઠા આરાને આવતા અટકાવે છે. કેમકે શાસ્ત્રો લખે છે કે શ્રુતના એક અક્ષરનું અસ્તિત્વ પણ જ્યાં સુધી હાજર હશે ત્યાં સુધી છઠ્ઠો આરો બેસી નહીં શકે.

નવી વિશ્વ વ્યવસ્થામાં પણ એ સ્થાપિત થઈ ચૂક્યું છે કે ધન કરતા જ્ઞાનની કિંમત વધારે છે. બે વ્યક્તિ એક રૂપિયાની આપ-લે કરે તો બંને પાસે એક જ રૂપિયો રહે છે. પરંતુ તેઓ બંને એક શ્લોકની આપ-લે કરે તો બંને પાસે બે-બે શ્લોક થાય છે. ધન કરતા જ્ઞાનની આટલી મોટી મહત્તા સરળતા અને સહજતાથી સિદ્ધ થાય છે. સુજ્ઞેષુ કિં બહુના ?

વેટીકનમાં તેમની લાઈબ્રેરીમાં કોઈ એક પુસ્તકને વર્ષ દરમ્યાન ૧૧ જણાએ વાંચ્યું હોય તો તે અગિયારની કાયમ માટે ફીંગર પ્રીન્ટ્સ તેઓ સાચવી રાખે છે. જેથી કરીને ભવિષ્યમાં તે પુસ્તક આઘું - પાછું થાય તો તેઓ યોગ્ય શોધખોળ કરી શકે. સંરક્ષણ અને સંવર્ધનની આનાથી પણ વધારે ચોંપ આપણે રાખવી જોઈએ તેવું ઉત્તમ શ્રુત પ્રભુએ આપણને આપ્યું છે.

શ્રુતગંગા દ્વારા છેલ્લા ૭-૮ વર્ષમાં લગભગ દસેક હજાર જેટલા ગ્રંથોને હસ્તલિખિત કરાવવામાં આવ્યા છે. તે અંગેનું એક પ્રુફ ચેકીંગ જે તે સેન્ટરના કોઓર્ડીનેટર કરે છે. બીજું પ્રુફ ચેકીંગ અમારા કાંદિવલીના કાર્યાલયમાં થાય છે અને અમારી ભાવના છે કે ત્રીજું પ્રુફ પૂજ્ય સાધુ - સાધ્વીજી ભગવંતો કરી આપે કેમ કે ઘણી વખત ઓરીજીનલ ગ્રંથોમાં પણ ભૂલો હોવાની શક્યતા હોય છે જેને કારણે લખાયેલું યોગ્ય લાગે પરંતુ આવી ભૂલો પૂજ્ય મહાત્માઓ જ પકડી શકે. તો અમારી આપને ખાસ નમ્ર વિનંતી છે કે સાધ્વીજી ભગવંતોના ગ્રુપમાં આપ અમને જેમના નામ - સરનામા આપશો તેઓને અમો અહીંથી ઓરીજીનલ ગ્રંથ અને અમારા દ્વારા લખવામાં આવેલો હસ્તલિખિત ગ્રંથ મોકલી આપીશું તો તેનું પ્રુફ ચેકીંગ કરાવવામાં અમોને આપ સહાયભૂત બનશો અને ક્યા ગ્રંથો શુદ્ધિકરણ સાથે સારા લખાયેલા છે તેનું કોઈ આપની પાસે લિસ્ટ વગેરે હોય તો તે પણ અમોને જણાવવા યોગ્ય કરશો.

આજ સુધી અનેક મહાત્માઓએ અનેક પ્રકારના ઉત્તમ શ્રુતનું સર્જન કર્યું છે. આ શ્રુતના સર્જનની ઝલકને પણ જોઈએ તો કમ સે કમ આ વારસાને સાચવવા અને આગળ ધપાવવા માટે એક નવું ઈંજન મળી રહે છે.

## શ્રુત સર્જન : એક ઝલક



**કોટિશઃ નમન હો તે શ્રુતસર્જકોને**

| રચયિતા | | રચના |
|---|---|---|
| **પ્રભુવીરના ૧૪૦૦૦ શિષ્યો** | - | ૧૪૦૦૦ પયન્ના સૂત્ર |
| **શ્રી ભદ્રબાહુસ્વામીજી** | - | અનેક નિર્યુક્તિ ગ્રન્થો તથા કલ્પસૂત્ર |
| **શ્રી મલ્લવાદીસૂરિજી** | - | એક જ શ્લોક ઉપર ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ 'દ્વાદશાર નયચક્ર' રૂપે વિવરણ |
| **શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી** | - | દ્રવ્યાનુયોગમાં બેનમૂન સન્મતિતર્કાદિ ગ્રન્થો |
| **શ્રી આર્યરક્ષિતસૂરિજી** | - | સમગ્ર આગમશ્રુતનું ચાર અનુયોગમાં વિભાજન |
| **શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ** | - | વિવિધ આગમો પર ભાષ્ય ગ્રન્થો |
| **શ્રી અભયદેવસૂરિજી** | - | નવ અંગ સૂત્ર પર ટીકા |
| **શ્રી જિનદાસ મહત્તર** | - | ચૂર્ણિ ગ્રન્થોની રચના |
| **શ્રી ઉમાસ્વાતિજી** | - | તત્ત્વાર્થાધિગમસૂત્રાદિ ૫૦૦ ગ્રન્થો |
| **શ્રી હરિભદ્રસૂરિજી** | - | ૧૪૪૪ ગ્રન્થો તથા અનેક સંસ્કૃત ટીકાઓની રચના |
| **શ્રી સિદ્ધર્ષિ ગણિ** | - | 'માનસશાસ્ત્ર' માં અજોડ ઉપમિતિ ભવપ્રપંચાદિ ગ્રન્થો |
| **કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી** | - | સિદ્ધહેમ વ્યાકરણાદિ ૩।। કરોડ શ્લોક પ્રમાણ ગ્રન્થો |
| **ઉપાધ્યાય શ્રી યશોવિજયજી** | - | બિન્દુ - સાર - શતક - રહસ્ય શબ્દોના અંતવાળા ૧૦૦/૧૦૦ ગ્રન્થો તથા ન્યાયવિષયક લક્ષાધિક શ્લોકો |

## શ્રુત કંઠસ્થ કરવા દ્વારા મહાપુરુષોએ કરેલી શ્રુતની આરાધનાની ઝાંખી

| | | |
|---|---|---|
| ૧. આ. દુર્બલિકા પુષ્પમિત્ર | ........ | રોજ ૭૦૦ શ્લોક કંઠસ્થ કરતા હતા. |
| ૨. આ બપ્પભટ્ટીસૂરિજી મ. | ........ | રોજ ૧૦૦ શ્લોક કંઠસ્થ કરતા હતા. |
| ૩. આ. ધર્મઘોષસૂરિજી મ. | ........ | ૬ ઘડીમાં ૫૦૦ શ્લોક કંઠસ્થ કરતા હતા. |
| ૪. આ. મુનિસુંદરસૂરિજી મ. | ........ | ૧૦૦૦ જુદાં જુદાં સ્વર સાંભળી પારખી શકતા. |
| ૫. ઉપાધ્યાય યશોવિજયજી | ........ | (બાલ્યાવસ્થામાં) સાંભળીને ભક્તામર કંઠસ્થ. |
| ૬. પૂ. જિતવિજયજી મ. | ........ | ૪ ઘડીમાં ૩૬૦ શ્લોક |
| ૭. પૂ. આત્મારામજી મ. | ........ | રોજ ૩૦૦ શ્લોક |
| ૮. શ્રી કુમારપાળ મહારાજા | ........ | ૭૨ વર્ષની ઉંમરે વ્યાકરણનું અધ્યયન, યોગ શાસ્ત્ર અને વીતરાગસૂત્રનો નિત્ય સ્વાધ્યાય. |
| ૯. શ્રી પેથડશાહ મંત્રી | ........ | રાજદરબાર જતાં રોજ હાથીની અંબાડી ઉપર ઉપદેશમાળા આદિ ગ્રંથો ગોખતા, દર મહિને ગુરુમુખે પ્રતિક્રમણના સૂત્રો સંભળાવીને કોઈ અશુદ્ધિ પ્રવેશી ગઈ હોય, તો એની શુદ્ધિ કરતાં. રોજ ઓછામાં ઓછી ૧ નવી ગાથા કંઠસ્થ કરવાનો એમને નિયમ હતો. |
| ૧૦. શ્રી વસ્તુપાળ મહામંત્રી | ........ | સ્વયં સંસ્કૃતમાં નવસર્જન કરી મહાકાવ્યો રચતા, કંઠસ્થ કરતાં. |

## શ્રી જૈન સંઘના જ્ઞાન ખાતા અંતર્ગત શ્રુતગંગાની સરવાણી

તીર્થ શબ્દની વ્યુત્પત્તિ કરતા મહાપુરુષોએ આપણને જણાવ્યું છે કે તારે અને પાર પમાડે તે તીર્થ છે. આત્માને ડુબાડનાર એવા અપાર દુઃખરૂપી સંસાર સાગરથી જે પાર પમાડે અર્થાત્ તારે તેને જ વાસ્તવમાં તીર્થ કહેવાય છે. લૌકિક દૃષ્ટિએ તીર્થની વ્યાખ્યા આપતા જણાવ્યું છે કે જે નદી, સમુદ્રના ઘાટ, કાંઠા પર હોય તે લૌકિક તીર્થ છે જે શારીરિક દાહનું શમન કરે, શારીરિક મળનો નાશ કરે અને શારીરિક તૃષાથી તૃપ્ત કરે. જ્યારે ધર્મ તીર્થની વ્યાખ્યા ફરમાવતા જણાવાયું છે કે તત્ત્વદૃષ્ટિએ જે આંતર દાહને શમાવે, આંતર મળનો નાશ કરે, અને આંતર તૃષાને છીપાવે તે જ સાચું ભાવતીર્થ છે.

જૈન શાસ્ત્રોમાં જેમ બે પ્રકારના દ્રવ્યતીર્થની વાત આવે છે તેમ પાંચ પ્રકારના ભાવતીર્થની પણ વાત બહુ સુંદર રીતે પૂર્વાચાર્યોએ આપણને જણાવેલી છે.

એટલે જેના આત્મામાં આ દ્વાદશાંગીનું પરિણમન થયું છે તે ગીતાર્થ ગુરુ અને દ્વાદશાંગી પોતે ભાવતીર્થ છે. એટલે જ (૧) ગીતાર્થ ગુરૂ (૨) દ્વાદશાંગી (૩) ચતુર્વિધ સંઘ (૪) રત્નત્રયી (૫) અનુષ્ઠાન. આ પાંચ ભાવતીર્થ છે.

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.સા. એટલે ફરમાવે છે કે પ્રભુના શબ્દોને જીવંત રાખવા જે મથે છે તેને હુ નમું છું અને તેમના ગુણો ગાવાનું મને બહુજ ગમે છે. શ્રુત એ પ્રાણ છે અને પરમ આધાર છે, શ્રુત એ શ્વાસ છે અને શ્રી જિનશાસનની આન, બાન અને શાન છે.

# સુઅસ્સ ભગવઓ - જ્ઞાન એ જ ભગવાન



અનંત કલ્યાણકારી વિશ્વસમ્રાટ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ કલ્યાણક વખતે ઘણા પુણ્યશાળીઓ અફસોસ વ્યક્ત કરતા હોય છે કે પ્રભુની હયાતિમાં આપણો જન્મ થયો હોત તો કેટલું સારૂં થાત ? પ્રભુ જાણે આપણને કહે છે કે આવો શોક ક્યારેય કોઈએ ન કરવો. કેમ કે હું મારૂ મંત્રાત્મક શરીર અહીંયા મૂકીને જાઉં છું. પ્રભુનું મંત્રાત્મક શરીર એટલે જ આપણા આગમો. શ્રી ગણધર ભગવંતો પણ '**સુઅસ્સ ભગવઓ**' કહેવા દ્વારા શ્રુત એ જ ભગવાન છે એવું આપણને સૂચવે છે.

ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા ફરમાવે છે કે **''આ આગમો જો ન હોત તો અમારૂ શું થાત ?''** મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા તો ફરમાવે છે કે જે પ્રભુના વચનો બોલે છે તે ધન્યાતિધન્ય છે. આજે લોક સંપર્ક વધ્યો છે, પરંતુ શ્લોક સંપર્ક તૂટ્યો છે. સંસ્કૃત/પ્રાકૃત ભાષામાં રચાયેલ વિશાળ સાહિત્યનો આસ્વાદ્ સામાન્યજન માટે આકાશકુસુમવત્ બન્યો છે. હવે તો ગુજરાતી પરીવારોમાં ધર્મના પુસ્તકોને પણ અંગ્રેજી માં લિપ્યંતર કરીને આપો તેવી માંગણી છે. જે અંગ્રેજી ભાષાની બંધારણીય ખોડખાપણને કારણે યથાર્થ ભાષાંતર અશક્ય છે. તેથી પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે આવું અદ્‌ભુત શ્રુત એનું સંવર્ધન અને સંરક્ષણ કરવાની હિમાલય જેવડી જવાબદારી તો ઊભી જ છે, તે સિવાય આનું વાંચન અને વિનિયોગ કેટલો બધો દુષ્કર બન્યો છે કે આના વારસાને ટકાવવાની બહુ મોટી જવાબદારી આપણા સહુના શિરે છે.

ઝેરૉક્સનું આયુષ્ય વધીને છ-બાર મહિનાનું હોય છે. પ્રિન્ટીંગનું ૫૦-૧૦૦ વર્ષનું અને છેલ્લા ૧૦૦ વર્ષમાં સંસ્કૃત આદિનું નવું સર્જન પણ બહુ ન્યૂન છે. તો પછી છેલ્લા ૨૫૦૦ વર્ષથી ચાલ્યું આવતું અને બચેલું શ્રુત આગળ કઈ રીતે ધપશે ? આપણા મહાપુરૂષો તાડપત્રો, ૮૦૦ થી ૧૦૦૦ વર્ષ ચાલે તેવા કાગળો ઉપર આ ભગવદ્ તુલ્ય શ્રુતને ટકાવી રાખવા સુંદર વ્યવસ્થાતંત્ર આપણને સોંપીને ગયા છે જેને જાળવી રાખવું એ આપણી પવિત્ર ફરજ છે. અંગ્રેજીમાં એક કહેવત છે કે, Knowledge parted is knowledge gained એટલે કે સુયોગ્ય વ્યક્તિઓ સુધી આ શ્રુત જીવંત રહે તે અત્યંત આવશ્યક છે. આ તો લૌકિક વ્યવહારની વાત થઈ પરંતુ લોકોત્તર શાસ્ત્રો ફરમાવે છે કે જ્ઞાન કદી એક વ્યક્તિ બીજાને આપી ન શકે પરંતુ તેનામાં જે હોય તેને ઉજાગર કરી શકે. એટલે જેમ કોલંબસે અમેરિકા ડિસ્કવર કર્યું (ઈન્વેન્ટ) નથી કર્યું તેમ જ આપણા શાસ્ત્રો કહે છે કે પ્રત્યેક આત્મામાં સત્તાએ કેવળજ્ઞાન પડેલું છે તેને ખોલી શકાય છે. ઉજાગર કરી શકાય છે પણ ટ્રાન્સફર નથી કરી શકાતું નહીં તો આપનારનું જ્ઞાન ધીમે ધીમે ઘટતું જાય.

પંચમ આરામાં પ્રત અને પ્રતિમા ભવિજનને પ્રતિબોધ કરવા માટેના ઉત્તમ સાધનો છે. પ્રતિમાથી બોધિનો લાભ થાય છે. અને પ્રતથી બોધ થાય છે. પ્રતિમાના અંજન પ્રતિષ્ઠા માટે જૈન સંઘ જાગૃત છે. એ ઘણું સારું છે. પરંતુ પ્રત એટલે કે શ્રુતના સંરક્ષણ માટે આપણા સહુના શિરે બહુ મોટી જવાબદારી છે. આંગળીને વેઢે ગણાય તેટલા લોકો જ આ કાર્યને જીવાડે છે.

## શ્રુત – સુરક્ષાનો એક ઉત્તમ ઉપાય – શ્રુત લેખન

તીર્થંકર ભગવંતો જેવા સમાધાનકાર હોય અને ગણધર ભગવંતો જેવા પ્રશ્નકાર હોય, ત્યારે થોડીક પણ પ્રશ્નોત્તરી થાય, તો યુગ-યુગના અજ્ઞાનનાં અંધારા ઉલેચાઈ જતાં હોય છે. અને જ્ઞાનની અનસ્ત દીવાદાંડી પ્રકાશિત બની જતી હોય છે. **ભયવં ! કિં તત્તં ?** આવી જિજ્ઞાસા પુનઃ પુનઃ ત્રણવાર ગણધરોના મુખેથી ધ્વનિત થતા તીર્થંકર દેવોનો જવાબ પણ ત્રણવાર પ્રતિધ્વનિત થતો હોય છે. '**ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા**' આ જાતની ટૂંકી પ્રશ્નોત્તરી દ્વાદશાંગી રૂપ આગમ - શ્રુતની જન્મદાતા બનતી હોય છે. આવું શ્રુત ઘટતું ઘટતું આજે ૪૫ આગમ રૂપે વિદ્યમાન છે. આગમો શાસ્ત્ર રૂપ હોવા છતાં એને માટે વધુ સાર્થક શબ્દ છેઃ **શ્રુત**! આનો અર્થ થાય **સાંભળેલું**. ગુરૂકુલવાસમાં રહીને વિનયપૂર્વક ગુરૂસેવા કરતાં કરતાં જે જ્ઞાનવારસો આજ સુધી અખંડિત રહ્યો, એનું નામ જ શ્રુત-આગમ! શ્રવણના માધ્યમે અખંડિત રહેલા એ જ્ઞાનવારસાને શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે તત્કાલિન પરિસ્થિતી મુજબ લેખનના માધ્યમે અખંડીત આગળ વધારવાનો પ્રયત્ન કર્યો, મુખ્યત્વે ૪૫ આગમ રૂપે અને હસ્તલિખિત પ્રતોનો એ વારસો આજે ઠીકઠીક પ્રમાણમાં હ્રાસ પામતો આપણા સંઘની મૂડી રૂપે સચવાયો છે. આપણા હૈયામાં ગૌરવ થાય અને આનંદનો અવધિ ઉછળે કે આપણા મહાપુરુષોએ આખા વિશ્વના ચિંતકોને અને સ્કોલરોને ધ્રુજાવી દે તેવા શ્રુતનું સર્જન કર્યુ છે. ગાગરમાંથી સાગર બનાવવાની અને સાગરને ગાગર બનાવવાની બંને શક્તિઓ આપણા મહાપુરૂષોમાં ચમત્કારીક રીતે જોવા મળતી હતી. આવો...અહીંયા એવા કેટલાક મહાપુરૂષોને યાદ કરીને તેમણે કરેલા સાહિત્ય સર્જન માટે આપણું મસ્તક ઝુકાવી દઈએ. ખાલી એક એક વાક્યોના/શ્લોકોના કેટલા અર્થો કર્યા છે એ જાણીએ તો ઓવારી જઈએ.

# શ્રી જૈન શાસ્ત્રનું અનેકાર્થ સાહિત્ય

| ગ્રન્થનું નામ | કેટલા અર્થ ? | કર્તા |
|---|---|---|
| ૧. તત્ત સીઉલી અષ્ટ શતાર્થ | ૮૦૦ | પ.પૂ.આ. બપ્પભટ્ટસૂરિ. |
| ૨. ભૂ. ભારણોદ્ધરણો પદ | ૧૦૦ | કવિ શ્રીપાળ |
| ૩. રત્નાકરાવતારિકા ગતપદ્ય | ૧૦૦ | પ.પૂ.આ. રત્નપ્રભસૂરિ. |
| ૪. શ્રી સિદ્ધાર્થનરેન્દ્ર કાવ્ય | ૨૫ | પ.પૂ.આ. સોમતિલકવિજય |
| ૫. કુમારવિહાર પ્રશસ્તિ-૮૭ મું પદ્ય | ૧૧૬ | પ.પૂ.પં. વર્ધમાનગણિ |
| ૬. શતાર્થીકાવ્ય | ૧૦૦ | પ.પૂ. જિનમાણિક્યસૂરિ |
| ૭. 'નમો અરિહંતાણં' પદ | ૧૧૦ | પ.પૂ.પં. હર્ષકુલગણિ |
| ૮. યોગશાસ્ત્ર પ્ર. ૨ શ્લોક ૧૦ મો | ૧૦૦ | પ.પૂ.પં. માનસાગરજી |
| ૯. શતાર્થી વિવરણ | ૧૦૦ | પ.પૂ.આ. સોમવિમલસૂરિજી |
| ૧૦. યોગશાસ્ત્ર પ્ર. ૧ / શ્લોક ૧ | ૧૦૦ | પ.પૂ.આ. જયસુંદરસૂરિ. |
| ૧૧. ઉપદેશમાલા ગાથા ૫૧ મી | ૧૦૦ | પ.પૂ.આ. ઉદયધર્મમુનિ |
| ૧૨. શ્રી વર્ધમાન જિનકાવ્ય | ૬ | પ.પૂ. શ્રી દાનસૂરિ શિષ્ય |
| ૧૩. યોગશાસ્ત્ર પ્ર. ૧, શ્લોક - ૧ | ૫૦૦ | પ.પૂ.ઉપાધ્યાયશ્રી લાભવિજયજી ગણિ |
| ૧૪. 'રાજાનો દદતે સૌખ્યમ્' | ૮ લાખ | મહો. સમયસુંદર ગણિ (જે ગ્રન્થ 'અષ્ટલક્ષી' નામે પ્રસિદ્ધ છે) |
| ૧૫. સપ્તસંધાન મહાકાવ્ય | ૭ | મહો. મેઘવિજયજી ગણિ |
| ૧૬. 'નમો લોએ સવ્વસાહૂણં' નું 'સવ્વ' પદ | ૩૯ | આ. દેવરત્નસાગરજી મ.સા. |
| ૧૭. દ્વયાશ્રય મહાકાવ્ય | ૨ | કલિકાલસર્વજ્ઞ આ.ભ.શ્રી હેમચંદ્રસૂરિજી |
| ૧૮. નાભેય નેમિ દ્વિસંધાન મહાકાવ્ય | ૨ | આ. હેમચંદ્રસૂરિજી (વડગચ્છ) |
| ૧૯. યોગશાસ્ત્ર : 'નમો દુર્વારરાગાદિ' શ્લોક | ૭૦૦ | આ. વિજયસેનસૂરિજી (અકબરના દરબારમાં) |

**।। સુઅસ્સ ભગવઓ - શ્રુત એ જ ભગવાન છે ।।**


આવા અનેક ગ્રંથ જૈન શાસનમાં વર્તમાનકાળે પણ વિદ્યમાન છે. ૭૧૮ ભાષામાં લખાયેલ ભૂવલય નામનો ગ્રંથ વાંચવો કેવી રીતે તેના માટે પણ એક બહુ મોટો ગ્રંથ છે. હાલ ઇન્દોરમાં આ ગ્રંથ ઉપર સંશોધન ચાલુ છે.

## શ્રુતધર મહર્ષિઓની સાહિત્ય સેવા



મધ્યયુગ રાસાયુગ બન્યો. લોકવૃત્યસનુસાર હિતકર પ્રવૃત્તિનો વળાંક હોય એ સ્પષ્ટ છે. રાસાયુગમાં ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ન્યાયના એકસો આઠ ગ્રંથ રચ્યા છે. શ્રી શ્રીપાલ મહારાજાના રાસના કર્તા શ્રી વિનયવિજયજી મહારાજ, અધ્યાત્મનિષ્ઠ યોગી પુરુષ શ્રી આનંદઘનજી મ., તેમની પછીના અધ્યાત્મનિષ્ઠ, યોગી શ્રી ચિદાનંદજી મ. આદિ પણ સુપ્રસિદ્ધ છે, જેઓએ લોકહિતાર્થ લોકપ્રિય ભાષામાં અનેક રાસાઓ, સ્તવનો, પદો રચ્યા છે. શ્રી યશોવિજયજી, શ્રી લક્ષ્મીવિજયજી, શ્રી વિનયવિજયજી, શ્રી મેઘવિજયજી, શ્રી મોહનવિજયજી, શ્રી રામવિજયજી, શ્રી પદ્મવિજયજી, શ્રી વીરવિજયજી આદિએ પૂજાઓ, સ્તવનો વગેરે દ્વારા છલોછલ જલ ભરેલી જ્ઞાનગંગા વહેવરાવી છે. જેમ સાહિત્ય રચાતું તેમ લખાતું, અનેક નકલો લખાતી, ભંડારો થતા રક્ષા થતી, ક્ષતિ અને ઉદ્ધાર પણ થતા, કેટલાય મહાત્માઓએ રચના અને લેખન કાર્ય પણ જાતે જ કર્યું. પ.પૂ. મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાના હસ્તે લખાયેલ ગ્રંથ આજે ઉપલબ્ધ છે. **કોટિશઃ નમન હો આ શ્રુત મહર્ષિઓને...**

## શ્રુતથી સંઘ, સંઘથી શ્રુત



જૈન શાસનથી સ્થાપના થાય છે 'શ્રુત' થી!
જૈન શાસન ચાલે છે તે પણ 'શ્રુત' થી જ !
જ્યાં સુધી 'શ્રુત' વિદ્યમાન રહેશે, ત્યાં સુધી જ શાસનની વિદ્યમાનતા રહેશે.
આ અપેક્ષાએ કેવળજ્ઞાન કરતા પણ શ્રુતજ્ઞાનનું મહત્ત્વ વધારે છે.
'શ્રુત' એ શ્વાસ છે. 'શ્રુત' એ પ્રાણ છે, 'શ્રુત' એ સર્વસ્વ છે.
આ 'શ્રુત' ઉત્પન્ન થયું પ્રભુવીરના મુખકમલમાંથી !
આ 'શ્રુત' ને ગ્રહણ કર્યું મહામેઘાવી ગણધર ભગવંતોએ!
આ 'શ્રુત' ને ધારણ કર્યું શ્રેષ્ઠ શ્રુતધર પૂર્વજોએ,
વહન કર્યું મેઘાવી મહામુનિઓએ
સંરક્ષણ કર્યું શ્રુતોપાસક શ્રમણો તથા શ્રાવકોએ !

## અતિ મહત્વનું .....

**શ્રુતના ભવ્ય વારસાને સાચવવાની અને હસ્તલિખિત પરંપરાને આગળ વધારવાની જવાબદારી હવે આપણા સૌની છે.**

કાળના પ્રભાવને કારણે મનુષ્યના બળ, બુદ્ધિ, સ્મરણશક્તિ વગેરેમાં ઓટ આવતી જોઈને પરમાત્મા મહાવીરદેવના નિર્વાણ પછી ૯૯૩ વર્ષ દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણે આગમોના જ્ઞાનના રહ્યાસહ્યા વારસાને બચાવી લેવા તમામ આગમો ગ્રન્થબદ્ધ કરવાનો નિર્ણય કર્યો. તે માટે શત્રુંજય મહાતીર્થની તળેટીમાં આવેલા વલ્લભીપુર નગરમાં સમસ્ત શ્રવણ સંઘનું સંમેલન બોલાવવામાં આવ્યું. અને ૧૩ વર્ષ રહી ૧ કરોડ ગ્રંથ પ્રમાણ આગમો ગ્રંથોને લિપિબદ્ધ કરવામાં આવ્યા હતા. જે કંઠસ્થ હતું તે શ્રુતસ્થ થયું.

## પ્રત્યેક શ્રાવક - શ્રાવિકાનું પવિત્ર કર્તવ્ય

'મન્નહ જિણાણં' સજ્ઝાયમાં શ્રાવકનાં જે ૩૬ કર્તવ્યોની યાદી આપવામાં આવી છે, તેમાંનું એક કર્તવ્ય 'પુત્થય લિહણં' એટલે કે ગ્રંથલેખન છે. જૈન શાસનને વરેલા પ્રત્યેક શ્રાવક તેમજ શ્રાવિકા પોતાના આ કર્તવ્યને સારી રીતે અદા કરવાની પ્રેરણા પૂજ્ય ગુરૂભગવંતોના માધ્યમ દ્વારા મેળવીને એના આલંબને પુરુષાર્થ કરવા કટિબદ્ધ બને. આજે આપણી પાસે આ પવિત્ર અને મહાન ગ્રંથોનો જે વારસો સચવાઈને આવ્યો છે, તે હસ્તલેખનની પરંપરાને જ આભારી છે.

## શ્રુતલેખન-શ્રાવક કર્તવ્ય

ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા સ્વરચિત 'સંબોધ પ્રકરણ' નામના ઉપકારક ગ્રંથમાં શ્રાવકો માટે વિધિમાર્ગ દર્શાવતાં સ્પષ્ટ જણાવે છે કે,

दव्वसह संजाए मेहंमि जिणिंदबिंबसंठवणं ।
पवयणलिहणं सहस्से लक्खे जिणभवणकारवणं ।।
जिणुद्धरणाइयं किच्चं किज्जइ दश सहस्सेहिं ।
इच्चाइ धम्मकिच्चं सत्तिए कुणइ जो सड्ढो ।।



શ્રાવક પાસે જો શતદ્રવ્ય થાય તો ઘરે જિનેશ્વરદેવના બિંબની સ્થાપના કરે, એક હજાર દ્રવ્ય હોય તો પ્રવચન લખાવે, એક લાખ દ્રવ્ય થાય તો જિનેશ્વરદેવનું ભવન-મંદિર બંધાવે અને દશ હજાર દ્રવ્ય હોય તો જિર્ણોદ્ધાર આદિ કાર્યો શક્તિ મુજબ કરે.

## શ્રુતલેખનની અનિવાર્યતા

अण्णेसिं पुण्णत्थं, पंचगाहाओ ढिहेमि तह निच्चं ।
परिवाडीओ पंच य, येमि पछंताण पयहियह ।

**અર્થ :** હું બીજાઓને ભણવા માટે હમેશા પાંચ ગાથાઓ લખું અને ભણનારાઓને હંમેશા પરિપાટીથી (ક્રમવાર) પાંચ પાંચ ગાથાઓ આપું, ભણાવું, અર્થ કરાવું, ઈત્યાદિ.

लिखित्वाप्यागमशास्त्राणि, यो गुणीजनं प्रयच्छति ।
तन्मात्राक्षर संख्यानि, वर्षाणि त्रिदशो भवेत् ।।

જે પુણ્યાત્મા આગમ શાસ્ત્રોને લખીને ગુણીજનોને આપે છે,
તે પુણ્યાત્મા તેટલા અક્ષર પ્રમાણ વર્ષ વાળો દેવ બને છે.

– પૂર્વ મહર્ષિ

સૂત્ર લખાવે સાચવે, પૂજે ધ્યાયે સાર; ભણે ભણાવે શુભ મને, અનુમોદે ધરી પ્યાર.

न ते नरा दुर्गतिमाप्नुवन्ति, न मूकतां नैव जड स्वभावम् ।
न चान्धता बुद्धिविहीनता च, ये लेखयन्तीह जिनस्य वाक्यम् ।।

(योगशास्त्र वृत्ति)

જે મનુષ્યો જિનેશ્વરના વચનને લખાવે છે, તેઓ દુર્ગતિને પામતા નથી. તેમજ મૂંગાપણાને, જડસ્વભાવને, અંધપણાને અને બુદ્ધિ વિહીનતાને પામતા નથી.

– કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજી

**આવો! પૂર્વના મહાપુરુષોએ જે શ્રુત ભક્તિ કરી છે તેનાથી કાંઈક પ્રેરણા લઈએ.**

## શ્રમણોપાસકોની શ્રુત ભક્તિ

❖ વિ.સં. ૧૪૭૨ માં આ. સોમસુંદરસૂરિજીના ઉપદેશથી ખંભાતમાં રામ અને પર્વત નામના બે ભાઈઓએ અગિયાર અંગો લહિયાઓ પાસે લખાવેલા.

❖ મથુરા નગરીમાં પદ્મશાહે સવાલાખ સોનૈયા ખર્ચી ભગવતી સૂત્રનો મહામહોત્સવ કરેલ અને 'ગોયમા' પદની ઉપર ૧-૧- સુવર્ણ મુદ્રા મૂકવા પૂર્વક પૂજા કરેલ.

(પાર્શ્વનાથ પરંપરાનો ઈતિહાસ)

❖ કુમારપાલ રાજાએ એવો નિયમ કર્યો હતો કે જ્યાં સુધી ગુરુએ રચેલા ગ્રંથોને તાડપત્ર ઉપર ન લખાવું, ત્યાં સુધી દહીનો ત્યાગ, તેથી ૭૦૦ લહિયાઓને બેસાડી આગમો-ગ્રન્થો લખાવવા માંડ્યા. લખતાં લખતાં તાડપત્રો ખૂટી ગયા એટલે રાજાએ એવો નિયમ કર્યો કે, જ્યાં સુધી તાડપત્રો ન મળે ત્યાં સુધી અન્ન જલનો ત્યાગ. ત્રીજા દિવસે ક્ષેત્રદેવતા પ્રસન્ન થવાથી બગીચામાં વૃક્ષો તાડપત્રોથી લચી ઉઠ્યા. વનપાલકે વધામણી આપતા રાજાએ પારણું કર્યું. અને જીવન દરમિયાન કુલ ૬,૩૬,૦૦૦ ગ્રન્થો લખાવ્યા તેમજ સિદ્ધહેમ વ્યાકરણની ૨૧ પ્રતિઓ લખાવેલ અને આગમોની સુવર્ણાક્ષરી ૭-૭ નકલો આલેખિત કરાવી.

(ઉપદેશ તરંગીણી)

❖ થરાદના આભૂ સંઘવીએ એક કરોડ સોનામહોર ખર્ચી ૬,૩૯,૦૦૦ શ્લોક પ્રમાણ ગ્રંથોનું લેખન કરાવેલ.

(ઉપદેશ તરંગીણી)

❖ પેથડ મંત્રીએ સાત કરોડ દ્રવ્ય ખર્ચી ત્રણ જ્ઞાન ભંડાર બનાવેલ. અને ભગવતી સૂત્રમાં આવતા 'ગોયમ' પદ દીઠ એક સોનામહોર અર્પણ કરી જ્ઞાનભક્તિ કરેલી. ઝાંઝણશાહે ૩૬,૦૦૦ સોનામહોર ખર્ચી સોનેરી શ્યાહીથી ગ્રંથો લખાવેલ.

(સુકૃત-સાગર)

❖ માંડવગઢના સંગ્રામ સોનીએ ભગવતીસૂત્રમાં આવતા 'ગોયમ' પદ દીઠ એક સોનામહોર, તેમની પત્નીને અડધી સોનામહોર, પુત્રવધૂએ પા સોનામહોર મૂકી જ્ઞાન ભક્તિ કરેલ. ૩૬+ ૧૮ + ૯ = ૬૩ કુલ ૬૩,૦૦૦ સોનામહોરનો સદ્વ્યય કર્યો અને તે દ્રવ્યથી સોનેરી શ્યાહીથી આગમ ગ્રંથો લખાવેલ.

(માંડવગઢ કા ઈતિહાસ)

❖ ભેંસા શેઠે દેવગુપ્તસૂરિના ચોમાસામાં ભીનમાલમાં સવા લાખ દ્રવ્ય ખર્ચી આગમ મહોત્સવ કરેલ અને ભગવતી સૂત્રની વાચનામાં 'ગોયમ' પદ દીઠ એક સોનામહોર મૂકેલ.

(પાર્શ્વનાથ પરંપરાનો ઈતિહાસ)

(પૂરક માહિતી : સાભાર : કલ્યાણ શ્રુતવિશેષાંકમાંથી)

## અંતમાં આપશ્રીને અમારી નમ્ર વિનંતી છે કે,

(૧) આપ અમને એવા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની ટુકડીઓ સૂચવો જે અમારા દ્વારા બે કે ત્રણ વખત ભૂલ સુધારણા થયેલ ગ્રંથોનું અંતિમ પરિમાર્જન સંપૂર્ણ શુદ્ધિનું પ્રમાણપત્ર સાથે કરી આપે.

(૨) અમોને જ્ઞાનભંડારોની યાદી આપો અથવા જેટલું આવું પ્રાચીન સાહિત્ય અથવા શુદ્ધિકરણ કરેલું પ્રિન્ટેડ સાહિત્ય કે હસ્તલિખિત ગ્રંથો ક્યાં મળશે તેની માહિતી આપો જે લખાવવા યોગ્ય હોય તો અહીં તે મંગાવીને હસ્તલિખિતનું કાર્ય આગળ ધપાવી શકાય.

(૩) પૂ. ગુરુભગવંતો, વક્તાઓ આ શ્રુતજ્ઞાનની જરૂરીયાતના વિષયને ખૂબ સારી રીતે વ્યાખ્યાનો/વક્તવ્યોમાં રજૂ કરે.

(૪) અમોને આ કાર્ય માટે મહિને લગભગ ૮ થી ૧૦ લાખ રૂા. નો ખર્ચ છે તો જ્ઞાનખાતાની રકમની યોગ્ય ફાળવણી કરાવશો અને વધુ જ્ઞાનની તેમજ સાધારણની રકમનો લાભ લઈને આ કાર્યને વેગ આપશો.

(૫) ૧ શ્લોક લખાવવાનો ખર્ચ લગભગ રૂા. ૧૦/- આવે છે તે પ્રમાણે સમગ્ર જૈન સંઘને પણ આ લાભ લેવા પ્રેરણા આપશો.

(૬) જ્ઞાનપાંચમે પેન-પેન્સીલ કે ઘોર હિંસાથી બનતા મીલના કાગળો દ્વારા પૂજન કરવાને બદલે અમારી પાસેથી આ ઓછી હિંસાથી બનતા નિર્દોષ ઉપકરણો મંગાવશો જેના દ્વારા શ્રી સંઘમાં આવા વિશિષ્ટ જ્ઞાનપૂજનની ટેવ પડાવશો. જેથી એ બધુ સાહિત્ય પછી હસ્તલિખિતના કાર્યમાં કામમાં આવે. નહીં તો ડબલ નુકસાન થઈ રહ્યું છે. નોટ-પેન-પેન્સિલ વગેરે ચડેલું જ્ઞાનદ્રવ્ય ક્યાંય જોઈએ તેવું ઉપયોગમાં પણ નથી આવી રહ્યું અને તે માટે ખર્ચવામાં આવેલ દ્રવ્યનો બિનજરૂરી વ્યય થઈ રહ્યો છે.

(૭) અમને આ બાબતના જાણકાર પૂ. ગુરુભગવંતો અને શ્રાવકો માર્ગદર્શન અને આશીર્વાદ આપે એવી અમારી નમ્ર વિનંતી છે.

**આપ અમને એવા આશીર્વચન આપશો અને ભવિષ્યમાં શાસન અને સંઘને ઉપયોગી એવું આ શ્રુતનું કાર્ય ઔચિત્યપૂર્વક થઈ શકે તેમજ આપશ્રી જ્યાં ચાતુર્માસમાં બીરાજમાન હોય અથવા અન્ય સંઘોમાંથી જ્ઞાનખાતાની રકમ 'શ્રુતગંગા' ના નામે મોકલાવી આપવા વહીવટદારોને ઉચિત્ પ્રેરણા કરશો તેવી અમારી ખાસ નમ્ર અરજ અને ભલામણ છે. ભવિષ્યમાં કાંદિવલી (વેસ્ટ) ના સરનામે પત્રવ્યવહાર કરવા નમ્ર વિનંતી છે.**

## લિ. શ્રુતગંગા વતી

**અતુલકુમાર વ્રજલાલ શાહની ૧૦૦૮ વંદનાવલી અને પ્રણામ સ્વીકારશોજી.**

**૧ શ્લોક લખાવવાનો ખર્ચ લગભગ રૂા. ૧૦/- આવે છે.**

૧ લાખ શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ ''શ્રુતરક્ષક'' ગણાશે.
૫૧ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ ''શ્રુતવર્ધક'' ગણાશે.
૩૧ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ ''શ્રુતોદ્ધારક'' ગણાશે.
૨૧ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ ''શ્રુતોપાસક'' ગણાશે.
૧૧ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ ''શ્રુતપૂજક'' ગણાશે.
૫ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ ''શ્રુતભક્ત'' ગણાશે.
૩ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ ''શ્રુતસેવક'' ગણાશે.
૧ હજાર શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ ''શ્રુતરાગી'' ગણાશે.
૫૦૦ શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ ''શ્રુતપ્રેરક'' ગણાશે.
૧૦૦ શ્લોક લખાવવાનો લાભ લેનાર વ્યક્તિ કે સંઘ ''શ્રુતપ્રેમી'' ગણાશે.

**આ ટ્રસ્ટને અપાયેલ ડોનેશન ઇન્કમ ટેક્સના 80 G માં બાદ મળે છે.**

**।। પ્રણામ ।।**

**આપના સંઘમાં જ્ઞાનખાતાની રકમ હોય તો ચોક્કસ શ્રી શ્રુતગંગામાં ફાળવવા અમો નમ્ર અરજ કરીએ છીએ. શ્રુત ગંગા ટ્રસ્ટનો પેન કાર્ડ નં. AAETS0703Q છે. અને ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર – E-21997 - Mumbai છે.**


| | |
|---|---|
| Name : **Shrutganga** | Name : **Shrutganga** |
| Bank : **UCO Bank**, Kandivali (E) Branch. | Bank : **Kotak Mahindra**, Kandivali (W) Branch. |
| A/C. No. : 09240200001224 | A/C. No. : 2612425684 |
| IFSC Code : UCBA0000924 | IFSC Code : KKBK0000665 |

## ચાલો, જ્ઞાન પંચમીને અનોખી રીતે ઉજવીએ

હાલ, જે જ્ઞાનના પેન, પેન્સીલ, ફૂલસ્કેપ આદિ. ઉપકરણોથી પૂજા થાય છે, તે પૂજ્ય મહાત્માઓ સિવાય કોઈ કાર્યમાં વાપરી શકાતા નથી એટલે પ્રત્યેક સંઘોમાં આવી ઘણી સામગ્રીઓ વણવપરાયેલી પડેલી રહે છે. એટલે બંને બાજુએથી નુકસાન થાય છે. જ્યારે હસ્તલિખિત ગ્રંથો લખવામાં વપરાતા નીચે જણાવેલ ઉપકરણોથી જ્ઞાન પૂજા કરીએ તો ઉપકરણો ફરીવાર શાસ્ત્રલેખનમાં ઉપયોગમાં આવી શકે છે જેથી ઉત્તમ લાભ મળે છે.

નોંધ : નીચે મુજબની ચીજો મૂકવાથી જ્ઞાનની ઉત્તમ ભક્તિનો લાભ મળે છે. માટે ઉત્કૃષ્ટ લાભ પામવા માટે આપને, નીચે જણાવેલ ઉપકરણો જ્ઞાન સમક્ષ મુકીને શ્રુતપૂજા કરવા વિનંતી. જેનો શ્રુતલેખનમાં તરત જ સદુપયોગ થઈ જાય.

## આ રહ્યા તે શ્રુતજ્ઞાનના આદર્શ ઉપકરણો







| ઉપકરણ | કિંમત (રૂ.) |
|---|---|
| સાંગાનેરી કાગળ + ખાદીનું કવર + તજીયા બરૂની કલમ | ૨૦/ |
| કેમિકલ વિનાની શાહી (સૂકી) | ૨૦/- |
| પ્રતનું પૂંઠું | ૨૦/- |
| કવર + કાગળ + ૨ નંગ પૂંઠા | ૫૦/- |
| પોથી બંધન | ૭૦/- |
| પોથી બંધન + ૨ નંગ પૂંઠા | ૧૦૦/- |
| સાગની પાટી | ૧૦૦૦/- |
| સાગની કાંબી | ૫૦/- |
| સાગના ઓળિયા | ૨૦૦/- |
| સાગનો દાબડો | ૫૦૦૦/- |
| સ્થાપના સૂત્ર (હસ્તલિખિત) | ૫૦/- |
| ૪૫ આગમ નામ (હસ્તલિખિત) | ૧૦૦/- |
| શ્રી શત્રુંજય ગિરિરાજના ૧૦૮ નામ (હસ્તલિખિત) | ૨૦૦/- |
| અન્ય ૫૦૦/- રૂા. થી લઈ ૫૦,૦૦૦/- રૂા. સુધીના ઉપકરણો પણ મળશે. | |

ઉપકરણોની વ્યવસ્થા અને પૂછપરછ માટે
ફોન નં. : ૨૮૦૮ ૨૪૧૪ / ૨૮૦૧ ૨૪૧૪

પત્રવ્યવહાર / સંપર્ક સૂત્ર :–
બી-૪૦૩, મહાલક્ષ્મી સેંટર, બાલભારતી સ્કુલની સામે, એસ. વી. રોડ,
કાંદિવલી (પ.), મુંબઈ - ૪૦૦ ૦૬૭.

# શ્રુતગંગા

એક યુવાનના વ્યક્તિગત જીવનની સુધારણાથી આરંભીને શાસન સેવાના વિરાટ ફલક સુધી જેની પ્રવૃત્તિઓનો વ્યાપ પથરાયેલો છે તેવું જૈન શાસનનું એક ઉત્કૃષ્ટ અંગ એટલે શ્રી જૈન સંઘ અંતર્ગત **શ્રી વર્ધમાન પરીવાર** અને **શ્રુત ગંગા** . જેના દ્વારા શાસન રક્ષા, શાસ્ત્ર સુરક્ષા અને સંસ્કૃતિ રક્ષાના કાર્યો છેલ્લા ૩૬ વર્ષથી ચાલી રહ્યા છે.

શાસન સેવા કાજે થનગનતા યુવાનો પાસે અમારી ત્રણ અપેક્ષાઓ હોય છે.

**❖ શ્રુત સંપન્નતા ❖ આચાર સંપન્નતા ❖ ચારિત્ર સંપન્નતા**

**શાસન સેવા કાજે થનગનતા યુવાન પાસે ત્રણ યાચના હોય છે.**

**❖ શ્રદ્ધા ❖ સમર્પણ ❖ સંગઠન**

અમારી ભાવના છે કે આપ આપની સંતતિને આ કાર્યમાં જોડો; આપની સંપત્તિને આ કાર્યમાં ન્યોચ્છાવર કરો અને છેવટે આપની સંમતિ સ્વરૂપ આશીર્વાદ અને મંગલ શુભ કામના જરૂર આપો એવી અમારી નમ્ર પ્રાર્થના છે.


## શ્રી વર્ધમાન પરીવાર/ શ્રુતગંગા

બી-૪૦૩, મહાલક્ષ્મી સેન્ટર, ચોથા માળે, બાલભારતી સ્કૂલની સામે,
કોહિનૂર શોરૂમની ઉપર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭.
ટે.નં. : ૦૨૨-૨૮૦૮૨૪૧૪/૨૮૦૧૨૪૧૪
Email : vardhmanparivarborivali@gmail.com


પ્રતિ,

# શ્રુતગંગામાં હસ્તલિખિત ગ્રંથનું કાર્ય કરી રહેલા લહિયાઓ અને પંડિતોની એક ઝલક



**શ્રી વર્ધમાન પરીવાર/શ્રુતગંગા** દ્વારા કાંદિવલી બ્રાન્ચમાં નીચેના સરનામે શાસન અને સંઘના કાર્ય માટે એક ઉત્તમ કાર્યાલય છેલ્લા ૩ વર્ષથી ચાલુ થયું છે જેમાં પંદરેક જેટલા કાર્યકરો કાર્યભાર સંભાળી રહ્યા છે. હાલ કાર્યનો પ્રારંભ સારી રીતે થઈ ચુક્યો છે અને ઘણા પોઝિટીવ વાઈબ્રેશન્સ અને રિઝલ્ટ્સ મળી રહ્યા છે.

**સરનામું :**

**શ્રી વર્ધમાન પરીવાર/શ્રુતગંગા**

બી-૪૦૩, મહાલક્ષ્મી સેન્ટર, ચોથા માળે, બાલભારતી સ્કૂલની સામે, કોહિનૂર શોરૂમની ઉપર, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭. ટે.નં. : ૦૨૨-૨૮૦૮૨૪૧૪/૨૮૦૧૨૪૧૪

Email : vardhmanparivarborivali@gmail.com / atulkumarvshah@gmail .com

એસ. વી. રોડ ટચ તદ્દન નવા બિલ્ડીંગમાં લગભગ ૧૦૦૦ સ્કવેર ફીટની આ ઑફિસમાં નીચે શાસન અને સંઘનું કાર્ય ચાલે છે તેમજ આ જ ઑફિસમાં ઉપર મેઝેનીન ફ્લોર ખાતે શ્રુતગંગાનું હસ્તલિખિત શાસ્ત્રો લખવાનું કાર્ય ચાલે છે. આ કાર્યમાં શ્રુતગંગાના દ્રવ્યનો તો ઉપયોગ થયો છે સાથોસાથ શ્રી બકુલભાઈ ઝવેરી દ્વારા પણ સાધારણ ખાતે ઉચિત યોગદાન આપવામાં આવ્યું છે. અને તેમનો સંપત્તિ સાથે સમયનો પણ તેઓ સદુપયોગ શાસનના કાર્યો માટે કરી રહ્યા છે તે અનુમોદનીય છે.

આ સંપૂર્ણ કાર્યાલય સંઘ અને શાસનના કાર્યો માટે પૂજ્ય ગુરુભગવંતોને અમે સમર્પિત કરેલું છે. અને આપ જરૂરથી આ કાર્યાલયમાં પધારીને અમને ઉપકૃત કરશો એવી અમારી નમ્ર વિનંતી છે.

**।। પ્રણામ ।।**